અપીલ અરજી નં.૧૨૭ તા.૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૫/૬–૨–૦૯ ની અરજીથી ૧૫૫૨૭ તા.૨૧–૯–૨૦૦૦,૧૭૮૧૨ તા.૧૦–૧૦–૨૦૦૦, ૧૮૬૮૮/૯૧ તા.૭–૧૧–૨૦૦૦,૧૮૬૯૩ તા.૭–૧૧–૨૦૦૦ તથા ૧૯૭૨૦ થી ૧૯૭૨૨ સને ૧૯૯૯/૨૦૦૦ ના વિમુકત જાતિ ગણવેશ અનુસૂચિત જનજાતિ અનુસૂચિત જાતિના ગણવેશના પત્રો,પીપલોદ શાળામાં ૫૦ લાખ રોકાણનો પત્ર, તા.૭–૧૧–૦૨ થી ૧૫ દિવસની રજા મંજુર કરતો પત્ર, તથા અરજીમાં જણાવેલ પત્રો,આવક રજીસ્ટર વિગેરેની માહિતી માંગતો પત્ર આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૧–૮–'૦૯ ની અપીલ અરજી નં.૧૨૭/૨૦૦૯–૧૦

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની આઈ ડી. નં.૨૨૬/૧૦૪ તા.૫/૬–૨–૦૯ ની અરજીથી ૧૫૫૨૭ તા.૨૧–૯–૨૦૦૦,૧૭૮૧૨ તા.૧૦–૧૦–૨૦૦૦, ૧૮૬૮૮/૯૧ તા.૭–૧૧–૨૦૦૦, ૧૮૬૯૩ તા.૭–૧૧–૨૦૦૦ તથા ૧૯૭૨૦ થી ૧૯૭૨૨ સને ૧૯૯૯/૨૦૦૦ ના વિમુકત જાતિ ગણવેશ અનુસૂચિત જનજાતિ ,અનુસૂચિત જાતિના ગણવેશના પત્રો,પીપલોદ શાળામાં ૫૦ લાખ રોકાણનો પત્ર, તા.૭–૧૧–૦૨ થી ૧૫ દિવસની રજા મંજુર કરતો પત્ર, તથા અરજીમાં જણાવેલ પત્રો,આવક રજીસ્ટર વિગેરેની માહિતી માંગતો પત્ર આપવા બાબતે માહિતી મળી નથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ લગભગ ચાર માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૫ તા.૧૩–૮–૦૯ થી શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)ને તથા અરજદારને ૪ માસના વિલંબ અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા તથા મુળ અરજી અને અરજી ફી ભર્યાની વિગત અંગે જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૬–૮–૦૯ ના રોજ પત્ર મળેલ છે. જેમાં અરજદારે આધાર કે વાજબીપણું કે પૂરતી વિગતો પૂરી પાડેલ નથી. પરંતુ અરજદારે મુળ અરજી બાબતે રજૂઆત કરવાની જગ્યાએ તા.૧૯–૨–૦૭ ના રોજની અપીલ હુકમના મુદ્દા નં.૨ અને ૩ ની અસંગત રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાંક ૬૩ તા.૩૧–૮–૦૯ ના કોઈ રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને જાવક નં.૧૮૧ તા.૪–૩–૦૯ ના રોજ રૂ.૩૦/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવાનો પત્રની નકલ, મુળ અરજીની નકલ, તા.૨૨–૬–૦૭ ના અરજદારના પત્રના જવાબની નકલ, ગણવેશ અને શિષ્યવૃતિ બાબતે પત્ર ક્રમાંક /૧૯૭૨૦ તા.૨૨–૧૧–૨૦૦૦ નાયબ નિયામકશ્રી વિચરતીજાતિ અને વિમુખજાતિના બાળકોના ગણવેશ, શિષ્યવૃતિ અંગેના પત્રની નકલ, પત્ર ક્રમાંક ૧૯૭૨૧ તા.૨૨–૧૧–૨૦૦૨ તકેદારી અધિકારીને સદર બાબતે પાઠવેલ પત્રની નકલ, , પત્ર ક્રમાંક ૨૭૬૩૨ તા.૧૫–૧૨–૨૦૦૦નો સ્મૃતિ પત્રક–૧ ના પાઠવેલ પત્રની નકલ,પત્ર ક્રમાંક ૩૪૫૫૦ તા.૫–૩–૨૦૦૧ સભ્યસચિવ ગણવેશ સમિતિને પાઠવેલ પત્રની નકલ, પત્ર ક્રમાંક /૩૬૧૩૭ તા.૨૧–૩–૨૦૦૧ માનદમંત્રી ગણદેવી તાલુકા મહિલા કારીગરોની સહકારી મંડળને પાઠવેલ પત્રની નકલ, પત્ર ક્રમાંક/૩૬૧૩૯ તા.૨૧–૩–૨૦૦૧ નિયામક ગામ એજન્સીને પાઠવેલ પત્રની નકલ, અધ્યક્ષ અને અધિ કલેકટર સુરતે શાસનાધિકારીને ગણવેશ બાબતે પાઠવેલ પત્રની નકલ, ગણદેવી તાલુકાની મહિલા કારીગર સરકારી મંડીળીનો તા.૨૯–૮–૨૦૦૧ ના પત્રની નકલ, ન.પ્ર.શિ.સ. ની શાળા મંડળ પત્રક નં.૨ રસીદ નં.૨૪૪૪ તા.૨૩–૫–૨૦૦૩ ગણવેશ સિલાઈની રૂ.૩૭,૬૬૫૬૦ ની રસીદની નકલ, ગણદેવી તાલુકા મહિલા સહકારી મંડળીનું ગણવેશ બાબતના–૬ સેન્ટરોના પ્રમાણપત્રની નકલ, જાહેર માહિતી અધિકારીનો અરજદારને પાઠવેલ તા.૩૧–૭–૦૯ નો પત્ર વિગેરે માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૫/૬–૨–૦૯ ની અરજીથી ફકત પત્ર નંબરો આપીને ઉપરોકત વિગતે માહિતી માંગવામાં આવેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ જાવક નં.૧૮૧ તા.૪–૩–૦૯ થી પાનાના રૂ.૨/– લેખે કુલ ૧૫ પાનાના રૂ.૩૦/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવેલ છે. જે સંદર્ભે રસીદ નં.૩૬૧૬ તા.૨૧–૪–૦૯ થી અરજદારે માહિતી મેળવેલ જણાય છે. ત્યાર બાદ અરજદારની તા.૨૪–૭–૦૯ ના પત્રથી માહિતી નહીં મળ્યાની રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ પત્ર ક્રમાંક ૫૪ તા.૩૧–૭–૦૯ થી દિન–૭ માં મળી ભરેલા નાણાની રસીદ રજૂ કરી માહિતી મેળવી લેવા જણાવેલ છે. તેમ છતાં અરજદારે તા.૧–૮–૦૯ ના રોજ માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે અપીલ હેઠળની અરજી બાબતે કઈ માહિતી મળેલ છે અને કઈ નહીં તથા કઈ માહિતી બાબતે નિરાશા છે તેવી કોઈ વિગતો અપીલ સાથે કે અપીલ તબકકે જણાવેલ નથી. વધુમાં અરજદારે ફકત પત્ર નંબરના આધારે માહિતી માંગેલ છે તેની વિગતો પૂરી પાડેલ નથી આવી સંદિગ્ધ માહિતી હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પણ તા.૩૧–૮–૦૯ ના પત્રથી પૂરી પાડેલ પૂરક વિગતોમાં અરજદાર આવક જાવક નંબરની વિગત દર્શાવ્યેથી માહિતી આપવામાં આવશે એવું જણાવેલ છે અને આ રીતે માહિતી પૂરી પાડવાની તૈયારી પણ બતાવેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫/૬–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સબંધે તા.૧–૮–૦૯ થી ૪ માસના વિલંબથી કરેલ અપીલ અંગે ન્યાયના હિતમાં અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં વિલંબના કારણો કે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ કાયદાની અજ્ઞાનતાએ બચાવ નથી તે સિધ્ધાંતને અનુલક્ષી અરજદારની વિલંબથી કરેલ અપીલ ગ્રાહય ન રાખતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩૧–૭–૦૯ ના પત્ર અનુસાર તેઓનો સંપર્ક કરી કાર્યવાહી કરવા માટે અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૯ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,